અપીલ અરજી નં.૧૯૩ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૭–૮–૧૦ ની અરજીથી (૧) ઉધના ઉદ્યોગનગર ખાતેના રોડ નં.ર પર આવેલ સનગ્રેસ વિદ્યાલયના કંપાઉન્ડમાં હાલમાં થઈ રહેલ પહેલા માળ સહિતના બાંધકામને આપના વિભાગે કોઈ વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપેલ ના હોય તો વિના પરમીશને ઉભું કરતાં આ બાંધકામ બાબતે આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગત આપશો (નકલ સહિત) (ર) રોડ નં.૬ પર પૂર્વી મીલજીન સ્ટોર્સ , ટેક્ષ. સ્ટોર્સ એ/૬/ર૧/૧ રોડ નં.૬ વાળા બાંધકામમાં હાલમાં ઉપર નવું બાંધકામમાં તૈયાર થઈ રહયું છે આ બાંધકામને આપના વિભાગે પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને ના આપી હોય તો આ મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધી શી શી કાર્યવાહી કરી તેની નકલોની માહિતી વિગતવાર આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૩/ર૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૭–૮–૧૦ ની અરજીથી (૧) ઉધના ઉદ્યોગનગર ખાતેના રોડ નં.ર પર આવેલ સનગ્રેસ વિદ્યાલયના કંપાઉન્ડમાં હાલમાં થઈ રહેલ પહેલા માળ સહિતના બાંધકામને આપના વિભાગે કોઈ વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપેલ ના હોય તો વિના પરમીશને ઉભું કરતાં આ બાંધકામ બાબતે આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગત આપશો (નકલ સહિત) (ર) રોડ નં.૬ પર પૂર્વી મીલજીન સ્ટોર્સ , ટેક્ષ. સ્ટોર્સ એ/૬/ર૧/૧ રોડ નં.૬ વાળા બાંધકામમાં હાલમાં ઉપર નવું બાંધકામમાં તૈયાર થઈ રહયું છે આ બાંધકામને આપના વિભાગે પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને ના આપી હોય તો આ મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધી શી શી કાર્યવાહી કરી તેની નકલોની માહિતી વિગતવાર આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૭ તા.૩૦–૮–૧૦ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારને નકલો નહીં આપવા અંગે વાજબીપણું તથા હકીકત જણાવવા તથા અરજદારના બાબત હેઠળની મિલ્કતના બાંધકામ ચાલુ હોવા અંગે દફતરી હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૭ર૮ તા. ર૧–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કામ ચાલુ હોવાના દાવા અંગે તેઓ કક્ષાએ કોઈ આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારે તેમના દૈનિકપત્ર પ્રોફેશનલ ક્રાઈમ સુરત તા.ર૦–૯–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબની કોપી સાથે પ્રસિધ્ધ કરેલ આવૃતિની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર મીહતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૭ તા.૩૦–૮–૧૦ થી અરજદારને માહિતી આપવામા આવેલ છે.જેમાં અરજદારની મુળ અરજીથી (૧) ઉધના ઉદ્યોગનગર ખાતેના રોડ નં.ર પર આવેલ સનગ્રેસ વિદ્યાલયના કંપાઉન્ડમાં હાલમાં થઈ રહેલ પહેલા માળ સહિતના બાંધકામને આપના વિભાગે કોઈ વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપેલ ના હોય તો વિના પરમીશને ઉભું કરતાં આ બાંધકામ બાબતે આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગત આપશો (નકલ સહિત) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "ઉધના ઉદ્યોગનગર સંઘ રોડ નં.ર સનગ્રેસ વિદ્યાલયના કમ્પાઉન્ડ ચાલતા હયાત મિલ્કતની ઉપર પ્રથમ માળના બાંધકામની કોઈ વિકાસ પરવાનગી અત્રેથી આપવામાં આવેલ નથી. સદર બાંધકામને જે તે લેવલે અત્રેથી બંધ કરાવવામાં આવેલ છે. " તેવું જણાવેલ છે. (ર) રોડ નં.૬ પર પૂર્વી મીલજીન સ્ટોર્સ , ટેક્ષ. સ્ટોર્સ એ/૬/ર૧/૧ રોડ નં.૬ વાળા બાંધકામમાં હાલમાં ઉપર નવું બાંધકામમાં તૈયાર થઈ રહયું છે આ બાંધકામને આપના વિભાગે પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને ના આપી હોય તો આ મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધી શી શી કાર્યવાહી કરી તેની નકલોની માહિતી વિગતવાર આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "રોડ નં.૬ પૂર્વી મીલજીન સ્ટોર્સ એ/૬/ર૧/૧ પરનું બાંધકામ અત્રેથી બંધ કરાવવામાં આવેલ છે જેને અત્રેથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. જે જાણશો." તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં પરમીશન વિનાના બાંધકામ વિરુધ્ધ કરેલી કાર્યવાહીની

નકલો માંગેલ છે પરંતુ નકલો આપેલ નથી અને જવાબમાં જે તે લેવલે બાંધકામ અટકાવવાનું લખેલ છે પરંતુ કામ તો આજની તારીખે પણ ચાલુ છે તેથી માહિતી ખોટી આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જયારે પૂરક માહિતીમાં અરજદારના દૈનિકપત્ર તા.૨૦–૯–૧૦ ની આવૃતિની નકલ રજૂ કરેલ છે જેમાં અરજીના પરિપ્રેક્ષ્યમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ આવૃતિમાં પ્રસિધ્ધ કરેલ છે. અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે અન્ય કોઈ આધાર કે વિગતો રજૂ કરેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યાની જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.પરંતુ બાંધકામ અટકાવવામાં આવેલ હોય તો તે અંગે થયેલ કાર્યવાહીનો રેકર્ડ ઉપસ્થિત હોવાનું અનુમાનિત છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરો પડાયેલ જણાતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી જે તે લેવલે બાંધકામ અટકાવવા અંગે થયેલ કાર્યવાહીની તેમજ અરજદારના અપીલમાંના દાવા ''આજની તારીખે બાંધકામ ચાલુ છે તે બાબતે પણ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,